ડીસામાં મિલકત મામલે દેરાણી-જેઠાણીની સામસામે ફરિયાદ નોંધાવતા ચકચાર

ડીસા, તા. ૨૩

ડીસામાં બે દિવસ અગાઉ ચન્દ્રલોક વિસ્તારમાં એક પરણિત મહિલાને મિલકત બાબતે થયેલ વિવાદમાં સાસરી પક્ષ દ્વારા જીવતા સળગાવી નાખવાનો પ્રયાસ કરાયો હોવાના આક્ષેપ સાથે ઉત્તર પોલીસ મથકે ફરિયાદ નોધાઈ છે. જે ઘટનાં બાદ આ મહિલાના દેરાણીએ પણ માર મારવા ઉપરાંત કેરોસીન છાંટી મારી નાખવા ઉપરાંત અન્ય ઈસમ સાથે મળી ચડામણી કરવા બાબતે પોલીસ ફરિયાદ નોધાવી છે.

આ અંગેની પોલીસ પ્રાપ્ત વિગતો અનુસાર ડીસાના ચંદ્રલોક વિસ્તારમાં રહેતા શિવાનીબેન યોગેશકુમાર મોદીએ પોતાની દેરાણી ધરતીબેન અને આશીશભાઈ બાસુદીવાળા વિરુદ્ધ મકાનની બોલાચાલી બાબતે ધોકાથી માર મારવા ઉપરાંત હાથે બટકું ભરી ચડામણી કરી જાનથી મારી નાખવાની ધમકીઓ આપવા બાબતે ડીસા દક્ષિણ પોલીસ મથકે ફરિયાદ નોંધાવતા પોલીસે પીડિત શિવાનીબેનની ફરિયાદના આધારે તેની જેઠાણી ધરતીબેન દિનેશભાઇ મોદી અને આશીશભાઈ બાસુદીવાળા વિરુદ્ધ ઇ.પી.કો.કલમ ૩૨૩, ૩૨૪, ૨૮૫, ૫૦૬(૨) મુજબ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. એક જ પરિવારની બે મહિલાઓએ ઉત્તર અને દક્ષિણ પોલીસ મથકે સામસામી ફરિયાદ નોંધાવતા ચકચાર મચી છે.

પ્રજાસત્તાક પર્વનું કાઉન્ટ - ડાઉન : સ્વાતંત્ર્ય દિન અને પ્રજાસત્તાક પર્વના આગમનના પગલે શહેરી વિસ્તારમાં ત્રિરંગાનું વેચાણ કરવા નાના-નાના બાળકો ગોઠવાઈ જાય છે. આપણી રાષ્ટ્ર ભક્તિ સ્વાતંત્ર્ય દિન કે પ્રજાસત્તાક દિન પૂરતી જ સિમિત બની ગઈ છે. બે રાષ્ટ્રીય પર્વો સિવાય દેશભક્તિ યાદ પણ નથી આવતી અને વર્તનમાં પણ આવતી નથી. ખેર ત્રિરંગાના માધ્યમથી વંચિતો અને ગરીબોને થોડીક રોજી-રોટી મળતી હોય એવું આ તસવીર શિખવે છે. સારું છે અને સાચું પણ છે કે દેશમાં દરેક આઝાદ ભારતનું કોઈ ગરીબ, કોઈ વંચિત ભૂખ્યું સુઈ ન રહે. સાબરકાંઠાના વડા મથક હિંમતનગરની આ તસવીર દેશભક્તિની સાથે સાથે માનવતાનો પણ સંદેશ આપે છે.

ઊંઝામાં ભેળસેળવાળી વરિયાળીનો જથ્થો જપ્ત

ઊંઝા, તા. ૨૩

ઉનાવા-ઊંઝા હાઈવે પર શનિદેવના મંદિર પાસે શીવગંગા એસ્ટેટમાં આવેલ એક ગોડાઉનમાં સ્ટેટ સીઆઈડી ક્રાઈમ બ્રાંચના અધિકારીઓએ સ્ટાફ સાથે દરોડો પાડી હલકી વરિયાળીને બેસ્ટ રંગદાર માલ બનાવવાના ભેળસેળના કાળા ધંધાનો પર્દાફાશ કરી ભેળસેળ યુક્ત વરિયાળીનો જથ્થો, હલકી વરિયાળીનો જથ્થો, રંગની કોથળીઓ અને મશીનરી સહિત અંદાજે ૧૪ લાખ ઉપરાંતનો મુદ્દામાલ કબજે કરી એક શખ્સ વિરૂદ્ધ કાયદેસરની કાર્યવાહી કરી છે.

ઊંઝા વિસ્તારમાં મસાલાની ચીજોમાં ભેળસેળ થતી હોવાની મળેલ માહિતીના આધારે સી.આઈ.સેલ સી.આઈ.ડી. ક્રાઈમ સ્ટેટના પોલીસ અધિકારીએ સ્ટાફ સાથે ઉનાવા-ઊંઝા હાઈવે પર શનિદેવના મંદિર પાસે શીવગંગા એસ્ટેટમાં આવેલ પટેલ રાકેશ તળસીભાઈ રહે. રૂંડાવ, તા. ઊંઝાના કબજા ભોગવટાના ગોડાઉનમાં પૂર્વ આયોજીત પ્લાન બનાવી હલકી વરિયાળી બજારમાંથી લઈ તેવો ઉંચો ભાવ મેળવવા હલકી વરિયાળી પર કેમિકલવાળો લીલો અખાદ્ય રંગ ચઢાવી આ ભેળસેળયુક્ત માલ બજારમાં વેચાણ કરી તગડી કમાણી સાથે માનવીના આરોગ્ય સાથે ચેંડા કરી પ્રજાનો વિશ્વાસઘાત અને છેતરપિંડી કરી રહ્યાનું માલૂમ પડતાં પોલીસે ખોરાક અને ઔષધ નિયમન તંત્રના અધિકારીઓને બોલાવી સ્થળ પરથી હલકી વરિયાળી, કલર કરેલ વરિયાળીના કોથળા, રંગની કોથળીઓ, મશીનરી વગેરે મળી કુલ ૧૪ લાખ ઉપરાંતનો મુદ્દામાલ કબજે કરી ઉનાવી પોલીસમથકે રાકેશ તળસીભાઈ પટેલ રહે. રૂંડાવવાળા વિરૂદ્ધ કાયદેસર ગુનો નોંધાવ્યો હતો. પકડાયેલ ભેળસેળયુક્ત વરિયાળીના સેમ્પલોને પરીક્ષણ માટે લેબોરેટરીમાં મોકલી આપવાની પણ કાર્યવાહી કરી હતી.

અત્રે નોંધનીય છે કે ઊંઝા-ઉનાવા વિસ્તારમાં છેલ્લા ઘણા વખતથી મસાલાની અને જીરૂ-વરિયાળીમાં ભેળસેળ કરવાનો કાળો ધંધો ચાલી રહ્યો છે. અવારનવાર દરોડા પડે છે. છતાં કોણ જાણે કેમ આ ગોરખધંધા બંધ થતા નથી.

મહેસાણા જિલ્લા કક્ષાનો ૭૧મા પ્રજાસત્તાક પર્વની ઉજવણી ઉંઝા ખાતે કરાશે

મહેસાણા જિલ્લા કક્ષાના ૭૧મા પ્રજાસત્તાક પર્વની ઉજવણી ઉંઝા ખાતે કરવામાં આવશે. ઉંઝા જીમખાના મેદાન ખાતે રાષ્ટ્રીય પર્વની ઉજવણી થનાર છે. ૨૬ જાન્યુઆરી ૨૦૨૦ના રોજ સવારે ૯ કલાકે ઉંઝા ખાતે જિલ્લા કક્ષાનો ધ્વજવંદનનો કાર્યક્રમ ઉર્જા મંત્રી સૌરભભાઇ પટેલના વરદહસ્તે યોજાનાર છે. આ ઉપરાંત ૨૬ જાન્યુઆરી ૨૦૨૦ના કાર્યક્રમની ઉજવણી ગ્રામ્યકક્ષાએ પણ થનાર છે. જે અંતર્ગત મહેસાણા તાલુકામાં હેડુવા (રાજગર) ખાતે, કડી તાલુકામાં કલ્યાણપુરા ખાતે, બેચરાજી તાલુકાની કનોડા-કકાસણા ખાતે, જોટાણા તાલુકાના મહેમદપુરા ખાતે, સતલાસણા તાલુકાના સુદાસણા ખાતે, વિજાપુર તાલુકાના ગવાડા ખાતે, વડનગર તાલુકાના કરબટીયા ખાતે કરાશે.

એનઆરઆઈને ભાડે ગાડીઓ આપવાના બહાને છેતરપીંડી કરનાર શખ્સ પોલીસના શકંજામાં

રાજકોટનો ઠેસીયા હજુ પોલીસને ચકમો આપી રહ્યો છે : બી.ડીવીજન પોલીસે ૨૪ લાખના ચાર વાહનો કબજે લીધા : અન્ય બે વાહનો ગુનાહિત પ્રવૃતિમાં વપરાયા હોવાનુ પોલીસનુ અનુમાન

હિંમતનગર, તા. ૨૩

હિંમતનગરના એક રહીશ પાસેથી થોડા દિવસ અગાઉ એન.આર.આઈ.ને વાહનો ભાડે આપવાના બહાને રાજકોટના તથા દહેગામ તાલુકાના બે શખ્સોએ વાહનો ભાડે લઈને રૂ. ૪૧ લાખની છેતરપીંડી અને વિશ્વાસઘાત કર્યાની ફરીયાદ હિંમતનગર બી. ડીવીજન પોલીસ સ્ટેશનમાં નોંધાયા બાદ ડિ સ્ટાફ અને બી. ડીવીજન પોલીસે તપાસને અંતે રૂ. ૨૪ લાખના ચાર વાહનો કબજે લીધા હતા જોકે બાકીના બે વાહનો અમદાવાદ અને લીમડીમાં ગુનાહિત પ્રવૃતિઓમાં વપરાયેલા હોવાથી ત્યાંની પોલીસે તે બંને વાહનો પોતાને હસ્તક કરી લીધા છે. તેમ છતાં રાજકોટનો આ ઉઠાવગીર હજુ પોલીસને ચકમો આપી નાસતો ફરે છે.

આ અંગે બી.ડીવીજનના પીએસઆઈ એ.એન. ગઢવીના જણાવાયા મુજબ ગત તા. ૧૯ જાન્યુઆરી ૨૦૨૦ના રોજ બી.ડીવીજન પોલીસ સ્ટેશનમાં વાહનો ભાડે લઈ ભાડુ ન ચુકવી વાહનો પણ હડપ કરી ગયાની ફરીયાદ નોંધાઈ હતી. જેથી પોલીસે ઈપીકો કલમ ૪૦૬/૪૨૦, ૧૧૪ મુજબ ગુનો દાખલ કરીને દહેગામ તાલુકાના સાણોદા ગામના મિહીરભાઈ રમેશભાઈ પટેલની ધરપકડ કરી લીધી હતી. ત્યારબાદ તેની પાસેથી પોલીસે અગત્યની કડીઓ મેળવીને તેના કબજામાં રહેલ રૂ. ૨૪ લાખની કિંમતના વાહનો કબજે લીધા હતા.

તો બીજી તરફ રાજકોટના વિનેશ બચુભાઈ ઠેસીયા તથા મિહીર પટેલે ભાડે લીધેલા બે વાહનો ગુનાહિત કૃત્યોમાં ઉપયોગ કર્યો હોવાથી આ બંને વાહનો પોલીસે પોતાના તાબામાં કરી લીધા છે જેપૈકી રૂ. ૫ લાખની કિંમતની ઈનોવા ગાડી અમદાવાદ શહેર ક્રાઈમ બ્રાંચ તથા રૂ. ૧૨ લાખની અન્ય એક ઈનોવા સુરેન્દ્રનગર જિલ્લાના લીમડી પોલીસ સ્ટેશનમાં રખાઈ છે. ઉલ્લેખનીય છે કે અમદાવાદ શહેર અને લીમડી પોલીસે જે બે વાહનો કબજે લીધા છે તે સંદર્ભે વર્ષ ૨૦૧૯માં સ્થાનિક પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધાયો હતો. હાલ તો વિનેશ ઠેસીયા પોલીસને ચકમો આપી ગાયબ છે ત્યારે બી.ડીવીજન પોલીસ તેને શોધી કાઢવા માટે ટીમો બનાવીને અલગ-અલગ સ્થળે તપાસનો દોર લંબાવી શોધવાનો પ્રયાસ કરી રહી છે.

બી.ડીવીજન પોલીસે કયા વાહનો કબજે લીધા

અર્ટીગા નંબર જીજે૦૯બીએફ-૨૦૪૭ (કિંમત રૂ. ૯ લાખ)
ઈન્ડીકા વિસ્ટા નંબર જીજે-૯બીબી-૪૩૧૮ (કિંમત રૂ. ૨ લાખ)
સીટી હોન્ડા નંબર જીજે-૦૯-બીએફ-૩૯૯૩ (કિંમત રૂ. ૩ લાખ)
ઈનોવા ગાડી નંબર જીજે-૯બીડી-૭૬૭૭ (કિંમત રૂ. ૧૦ લાખ)
ઈનોવા ગાડી નંબર જીજે૩-સીઆર-૮૮૨૯ (કિંમત રૂ. ૫ લાખ), અમદાવદ શહેર ક્રાઈમ બ્રાંચ
ઈનોવા નંબર જીજે૭-બીએન-૫૫૫૩ (કિંમત રૂ. ૧૨ લાખ), લીમડી પોલીસ સ્ટેશન

ખેડબ્રહ્માની જ્યોતિ વિદ્યાલયનું ગૌરવ

સાબરકાંઠાનો જિલ્લા કલા મહાકુંભ સી.જે.હાઈસ્કૂલ વડાલી ખાતે યોજાયો હતો. જેમાં ચિત્ર સ્પર્ધામાં સંત શ્રી નથ્થુરામબાપા જ્યોતિ વિદ્યાલય ના વિદ્યાર્થી શાહ રચિત ગણપતભાઈ સમગ્ર જિલ્લામાં પ્રથમ સ્થાન મેળવી રાજ્ય રાજ્યકક્ષાએ ભાગ લેશે જે બદલ શિક્ષક અજીતસિંહ અને વિદ્યાથી રચિત ને આચાર્ય સુરેશભાઈ પટેલે અભિનંદન પાઠવ્યા હતા.

મોડાસા કેળવણી મંડળનું ગૌરવ

રાષ્ટ્રીય યુવા ઉત્સવ લખનૌ ખાતે શ્રી કે.એન. શાહ મોડાસા હાઈસ્કૂલ મોડાસાના જપન સોલંકીએ શાસ્ત્રીય સંગીતમાં રાગ બિલાસખાની રજૂ કરીને શાળા તેમજ મોડાસા કેળવણી મંડળનું ગૌરવ વધારેલ છે. મોડાસા કેળવણી મંડળના પ્રમુખ બિપીનભાઈ શાહ તેમજ શાળાના આચાર્ય મનીષભાઈ જોષી તથા તમામ વિભાગના સુપરવાઈઝરો અને શાળા પરિવારે જપન સોલંકી અને સંગીત શિક્ષક પી.ડી. બારોટને ખૂબ ખૂબ અભિનંદન પાઠવ્યા હતા.

બામણા આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજમાં સ્પર્ધાત્મક પરીક્ષા માટે માર્ગદર્શન સેમિનાર

બામણા સ્વ.શાન્તાબેન હરગોવિંદદાસ જોષી અને ભુલેશ્વર કડુરામ જોષી, આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજમાં માર્ગદર્શન લલીતભાઈ ચોપડાના માર્ગદર્શન હેઠળ અને પ્રિન્સિપાલ ડૉ. કલ્પનાબેન પટેલ, સ્ટાફ ગણની ઉપસ્થિતીમાં વિદ્યાર્થીઓને સ્પર્ધાત્મક પરીક્ષાઓમાં કેવી રીતે સફળતા મળે તેવા ઉદ્દેશથી માર્ગદર્શન કાર્યક્રમ યોજાયો હતો.

ભિલોડાની સાબરકાંઠા બેંકમાં કેશિયર રૂમમાં ઘુસી સગીરે કાઉન્ટર પર પડેલ ૩.૫૦ લાખની ધાપ મારી

ભિલોડા, તા. ૨૩

સાબરકાંઠા-અરવલ્લી જીલ્લામાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ ખાડે ગઈ હોય તેવા દ્રશ્યો ઠેર-ઠેર જોવા મળી રહ્યા છે. બંને જીલ્લામાં બેંકમાં ગ્રાહકોના રૂપિયા તફડાવતી અનેક ઘટનાઓ બની રહી છે. ત્યારે બેંકની ઓફિસની અંદર કાઉન્ટર પર ટેબલ રહેલા રૂપિયા તફડાવતી ગેંગ સક્રિય થતા બેંકના કર્મચારીઓમાં ભારે ફફડાટ ફેલાયો છે. તલોદની સાબરકાંઠા બેંકમાં ટેબલ પર પડેલા ૬ લાખ રૂપિયાની ઉઠાંતરીની ઘટનાની શાહી હજુ સુકાઈ નથી ત્યારે ભિલોડા ખાતે આવેલ ધી.સાબરકાંઠા ડીસ્ટ્રીક સેન્ટ્રલ કો.ઓ. બેંકમાં શાખાની અંદરની પ્રવેશી એક સગીર ૩.૫૦ લાખ રૂપિયાની ઉઠાવી ફરાર થઈ જતા ભારે ચકચાર મચી હતી બેંકમાં ચોરીની ઘટનાને અંજામ આપનાર સગીર સીસીટીવી કેમેરામાં કેદ થતા ભિલોડા પોલીસે ઘટનાસ્થળે પહોંચી તપાસ હાથ ધરી હતી.

ભિલોડામાં આવેલી સાબરકાંઠા મધ્યસ્થ સહકારી લી.ની શાખામાં બ્રાન્ચની અંદરની બાજુમાં રહેલા કર્મચારીઓના કાઉન્ટર પર બ્રાન્ચમાં કેશિયર તરીકે ફરજ બજાવતા નવનીત કુમાર કચરાભાઈ પટેલે રૂપિયાનું કલેકશન કાઉન્ટર ઉપરના બોક્સમાં રાખી બાથરૂમ જતા બેંકમાં ઉભા રહેલા એક શખ્સે તેની સાથે રહેલા ૧૫ થી ૧૬ વર્ષીય સગીરને ઈશારો કરી કાઉન્ટર અંદર મોકલતા સગીરે કાઉન્ટરના બોક્સમાં રહેલા રૂ. ૫૦૦ના ૭ બંડલ રૂપિયા-૩૫૦૦૦૦/-ની ચોરી કરી સગીર અને તેની સાથે રહેલો શખ્સ રફુચક્કર થઈ જતા કેશિયર ફોંફાળો બન્યો હતો. સમગ્ર ઘટના બેંકના સીસીટીવી કેમેરામાં કેદ થતા ઘટનાની જાણ ભિલોડા પોલીસને કરવામાં આવતા પોલીસ બેન્ક ખાતે દોડી આવી હતી. અને બેન્ક સ્ટાફની પૂછપરછ કરી તસ્કરોનો શોધખોળ હાથ ધરી હતી. કર્મચારીઓ અને ગ્રાહકોની વચ્ચે એક હિંમતભેર પ્રવેશી ૩.૫૦ લાખ સરકાવી લેતા બેંકના કર્મચારીઓમાં પણ હડકંપ મચ્યો હતો.

ડીસામાં ઘાસ વેચનાર તેમજ પશુઓ છુટા મુકનારને લીલાલહેર

પાલિકાની લેખિતમાં રજુઆત છતાં પોલીસના આંખ આડા કાન

ડીસામાં છેલ્લા કેટલાક સમયથી રખડતાં પશુઓની સમસ્યા માથાના દુખાવા સમાન બની છે ટ્રાફિકમાં અવરોધરૂપ થવા ઉપરાંત અનેક લોકોને ઈજાઓ પહોંચાડી મોતને ઘાટ ઉતરનાર રખડતા પશુઓને નાથવામાં પાલિકા તંત્ર નિષ્ફળ ગયું છે જો કે શહેરમાં રખડતા પશુની સંખ્યા વધવાનું એક માત્ર કારણ છે જાહેરમાં મુખ્ય માર્ગો ઉપર વેચવામાં આવતું લીલું ઘાસ. જેના લીધે રખડતા પશુઓ મુખ્ય માર્ગ ઉપર આવી જાય છે અને અવાર નવાર અકસ્માત સર્જે છે. ત્યારે પાલિકા તંત્ર દ્વારા જાહેર માર્ગ ઉપર ઘાસ વેચનાર લોકો સામે કાર્યવાહી કરવા પોલીસને લેખિતમાં રજુઆત કરવા છતાં પોલીસ ઘાસ વેચનારા સામે આંખ આડા કાન કરી રહી છે જેના લીધે શહેરમાં રખડતા પશુની સમસ્યા વકરી છે ડીસાના મુખ્ય માર્ગો સહિત હાઈવે ઉપર રખડતા ઢોર વધુ જોવા મળી રહ્યા છે જે અવાર નવાર લડાયક બની ભુરાન્ટા થતા અકસ્માત સર્જી રાહદારીઓને ઈજાઓ પહોંચાડતા હોય છે તેમજ અનેકવાર ગંભીર અકસ્માત પણ સર્જતાં હોય છે જેની લોકો દ્વારા અવાર નવાર રજુઆતને ગંભીરતાથી લઈ ડીસાના જાગૃત એડવોકેટ પી. જે. રાણા , એડવોકેટ સુભાસભાઈ અને બાબુભાઈ દ્વારા ઈ.પી.કો. કલમ ૧૩૩ મુજબ ડીસા પાલિકાના ચીફ ઓફિસર તેમજ હાઈવે ઓથોરિટી સામે નાયબ કલેકટર સમક્ષ ફરીયાદ નોંધાવી હતી.

જેના પગલે નગરપાલિકાનું વહીવટી તંત્ર હરકતમાં આવ્યું હતું પાલિકા દ્વારા રખડતાં પશુઓને પકડવાની કામગીરી સાથે જાહેરમાં ઘાસ વેચનાર લોકો તેમજ પશુ માલિકો વિરુદ્ધ પોલીસ કાર્યવાહી કરવા અનેકવાર લેખિત રજુઆત કરવા છતાં શહેર પોલીસ સહકાર આપતી ન હોવાનું નગરપાલિકા દ્વારા જણાવાયું છે. જેના કારણે પોલીસની લાપરવાહીના પાપે ઘાસ વેચનાર અને પશુ છુટા મુકનારાઓને મોકળું મેદાન મળી ગયું છે જેને લઈ પ્રજાની હાડમારીઓ વધી પડી છે.

અરવલ્લીના મોડાસા ખાતે કલા મહાકુંભ યોજાયો

મોડાસા, તા. ૨૩

ગુજરાતના સાંસ્કૃતિક વારસાનું જતન થાય તે ઉદ્દેશથી રાજ્ય સરકાર દ્વારા કલામહાકુંભની શરૂઆત કરવામાં આવી છે જે અંતર્ગત અરવલ્લીના મોડાસા ખાતે કલા મહાકુંભ યોજાયો હતો.

રમત-ગમત યુવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓ વિભાગ અને કમિશ્નર યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓ ગાંધીનગર અને જિલ્લા વહીવટી તંત્ર અરવલ્લી દ્વારા મોડાસાની કે.એન. શાહ હાઈસ્કૂલ ખાતે યોજાયેલ કલા મહાકુંભને કલેકટર અમૃતેશ ઔરંગાબાદકરે ખુલ્લો મુક્યો હતો.

પ્રાસંગિક પ્રવચન કરતા જિલ્લા કલેકટર અમૃતેશ ઔરંગાબાદકરે જણાવ્યું હતુ કે જેવી રીતે ખેલ મહાકુંભ મારફતે રમત-ગમત ક્ષેત્રે ગુજરાતે અનેકવિધ સિધ્ધિ હાંસલ કરી છે તેવી જ રીતે કલા મહાકુંભ મારફતે ગુજરાતની પરંપરાગત કલાનો વારસો જીવંત રહે તેવો મુખ્ય આશય છે. આ ઉપરાંત છેવાડાના ગામડાઓથી માંડી શહેરમાં કલાનું કલાત્મક વાતાવરણ નિર્માણ થાય, પ્રતિભાશાળી કલાકારોને આગળ આવવાની તક મળે અને રાષ્ટ્રિય તેમજ આંતરરાષ્ટ્રિય ફલક પર એક નવી ઓળખ ઉભી થાય.

જિલ્લા અધિકારી અનિલ ધામેલીયાએ જણાવ્યું હતું કે જે કલા લુપ્ત થવાના આરા પર છે તેવી કલાઓ કલા મહાકુંભ મારફતે ફરી જીવંત થાય તેવો રાજ્ય સરકાર દ્વારા એક પ્રયાસ હાથ ધરવામાં આવ્યો છે. દ્વિ-દિવસીય યોજાનાર કલા મહાકુંભમાં ૨૩ અલગ-અલગ કૃતિઓ રજૂ કરવામાં આવશે. જિલ્લાની પ્રાથમિક તેમજ માધ્યમિક શાળાઓના વિદ્યાર્થીઓએ આ સ્પર્ધામાં ભાગીદાર બનશે.

આ પ્રસંગે નગરપાલિકા પ્રમુખ બીપીનભાઈ શાહ, પ્રાંત અધિકારી મયંક પટેલ, જિલ્લા શિક્ષણાધિકારી ગાયત્રીબેન પટેલ, જિલ્લા રમતગમત અધિકારી હર્ષાબેન ઠાકોર, સહાકરી અગ્રણી પ્રભુદાસ પટેલ, શ્રીમતી બિજલબેન પટેલ પ્રાંત યુવાવિકાસ અધિકારી, રાકેશભાઈ ચૌધરી પ્રાંત યુવા વિકાસ અધિકારી અને કે.એન.શાહ હાઈસ્કુલના આચાર્ય મનીષ જોશી, મોડાસા તેમજ અન્ય મહાનુભાવો તેમજ જિલ્લાની વિવિધ શાળાઓમાંથી આવેલ સ્પર્ધકો અને મોડાસા કેળવણી મંડળના વિદ્યાર્થીઓ બહોળી સંખ્યામાં હાજર રહ્યા હતા.

મોડાસા આઈટીઆઈમાં નેશનલ ગર્લ ચાઈલ્ડ ડે ઉજવણી અંતર્ગત મહિલા દિવસની ઉજવણી

મોડાસા, તા. ૨૩

જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી, અરવલ્લીના સહયોગ તથા જિલ્લા આરોગ્ય આરોગ્ય વિભાગ, અરવલ્લીના સંયુકત ઉપક્રમે ''નેશનલ ગર્લ ચાઈલ્ડ ડે'' ઉજવણીના ભાગરૂપે ગુરુવારે મહિલા ઔદ્યોગિક તાલીમ સંસ્થા,મોડાસા ખાતે મહિલા દિવસ અન્વયે ''એડોલેશન્ટ હેલ્થ ડે''ની ઉજવણી કરવામાં આવી હતી.

જેમાં અરવલ્લી જિલ્લા વિકાસ અધિકારી ડૉ.અનિલ ધામેલીયા, અરવલ્લી, ડી.આર.ડી.એ. ડાયરેકટર ઉપસ્થિત રહ્યા હતા જેમાં ૨૮૦ વિદ્યાર્થીનીઓના હિમોગ્લોબીન અને બ્લડગ્રૂપની ચકાસણી કરવામાં આવી હતી. તાલુકા આરોગ્ય અધિકારી ડૉ.જીજ્ઞાબેન ડી.જયસ્વાલે વિદ્યાર્થીનીઓને એડોલેશન્ટ હેલ્થ ડે અન્વયે માહિતી પુરી પાડી હતી તથા મોડાસાના જાણીતા સ્ત્રીરોગ નિષ્ણાંત તબીબ, ડૉ.જલ્પાબેન શાહ ઉપસ્થિત રહ્યા હતા.

રાષ્ટ્રીય શૈક્ષિક મહાસંઘ અરવલ્લી જિલ્લા દ્વારા કર્તવ્ય બોધ દિવસની ઉજવણી કરાઈ

મોડાસા, તા. ૨૩

ભારતીય શૈક્ષણિક મૂલ્યો પ્રત્યે સમર્પિત રાષ્ટ્રીય શૈક્ષિક મહાસંઘ ગુજરાત સંલગ્ન રાષ્ટ્રીય શૈક્ષિક મહાસંઘ, અરવલ્લી જિલ્લા દ્વારા કર્તવ્ય બોધ દિવસની ઉજવણી કરવામાં આવી હતી. અરવલ્લી જિલ્લો શિક્ષણના માધ્યમથી રાષ્ટ્રસેવામાં કાર્યરત છે.

ભવ્ય સાંસ્કૃતિક વારસાથી વિભૂષિત ભારતીય સંસ્કૃતિમાં કર્તવ્યનુ મહાત્મ્ય અનેરૂ છે. અખિલ ભારતીય રાષ્ટ્રીય શૈક્ષિક મહાસંઘ દ્વારા દર વર્ષે સ્વામી વિવેકાનંદ જયંતિ (૧૨ જાન્યુ)થી સુભાષચંદ્ર બોઝ જયંતિ (૨૩ જાન્યુ) દરમિયાન કર્તવ્યબોધ દિનની ઉજવણી કરવામાં આવે છે. જેના ભાગરૂપે રાષ્ટ્રીય શૈક્ષિક મહાસંઘ, અરવલ્લી જિલ્લા દ્વારા ૨૨-૧-૨૦૨૦ને બુધવારે રાત્રે ૮ કલાકે મહેશ્વરી સમાજવાડી, રામપાપર્ક, મોડાસા ખાતે અરવલ્લી જિલ્લાનો કર્તવ્યબોધ દિવસ ઉજવ્યો હતો.

જેમાં કાર્યક્રમના અધ્યક્ષ મોહનભાઈ પટેલ (પ્રમુખ, ધર્મ જાગરણ પરિયોજના ગુજરાત પ્રાંત), મુખ્ય વક્તા નટુભાઈ પટેલ (જિલ્લા સહસંઘચાલક, ઈજીજી, અરવલ્લી), મુખ્ય અતિથિ સમીરભાઈ પટેલ (નાયબ જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકાર, અરવલ્લી) ઉપસ્થિત રહી ત્રણે મહાનુભાવોએ પ્રેરક ઉદબોધન કર્યું હતું.

અરવલ્લી જિલ્લાના અધ્યક્ષ મિનેષભાઈ પટેલ દ્વારા મહેમાનનું શાબ્દિક સ્વાગત કરવામાં આવ્યું. શૈક્ષિક સંઘ ઉ.ગુ. યુનિ. પાટણના મહામંત્રી પ્રો. ડો. જગદીશભાઈ પ્રજાપતિએ પોતાના ઉદબોધનમાં સંગઠનની ગતિવિધિ તેજ કરવાનું આહવાન કર્યું. રાષ્ટ્રીય શૈક્ષિક મહાસંઘ અરવલ્લીના માર્ગદર્શક રાજેન્દ્રભાઈ પટેલે આભારવિધિ સાથે સંગઠનને માધ્યમિક સંવર્ગમા પણ વિસ્તાર માટે માર્ગદર્શન પુરૂ પાડયું. હાજર સૌ મહેમાનો, શિક્ષક ભાઈઓ-બહેનો દ્વારા સ્વામીજી અને નેતાજીની પ્રતિમાને પુષ્પાંજલિ અર્પણ કરવામાં આવી. હતી કાર્યક્રમમાં ૧૦૦થી વધુ શિક્ષક ભાઈઓ-બહેનો ઉપસ્થિત રહ્યા હતા.